EXCELLENCE THROUGH ENDEAVOURS
MAS FINANCIAL SERVICES LTD.
The Power of Distribution

MAS FINANCIAL SERVICES LIMITED

MFSL/SEC/EQ/2021/08

5th February, 2021

To,
The Manager,
BSE Limited
Phiroze Jeejeebhoy Towers
Dalal Street
Mumbai – 400001

Scrip Code: **540749, 947381**

To,
General Manager
National Stock Exchange of India Limited
Exchange Plaza
Plot No. C/1, G Block
Bandra-Kurla Complex
Bandra (East)
Mumbai – 400051
Trading Symbol: **MASFIN**

Dear Sir,

Sub: Newspaper Advertisement of Intimation of Board Meeting to be held on 10th February, 2021.

Pursuant to Regulation 29 read with regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, the company has given Newspaper Advertisement in One (1) English - FREE PRESS GUJARAT and One (1) Regional Language Newspaper - Gujarati - LOKMITRA about Notice of Board meeting to be held on 10th February, 2021.

Kindly take the same on your record.

Thanking you,
Yours faithfully,

FOR, MAS FINANCIAL SERVICES LIMITED

Riddhi

MAS FINANCIAL SERVICES LIMITED AHMEDABAD MAS

RIDDHI BHAYANI
(COMPANY SECRETARY & COMPLIANCE OFFICER)
MEMBERSHIP NO.: A41206

Encl. As above

Regd. Office :
6, Ground Floor, Narayan Chambers,
B/h Patang Hotel, Ashram Road, Ahmedabad-380 009.
CIN : L65910GJ1995PLC026064

+ 91(O) 079 4110 6500 / 079 3001 6500
+ 91(O) 079 4110 6597,+ 91 (O) 079 4110 6561
www.mas.co.in
mfsl@mas.co.in

EDITORIAL

In Bengal, the salience of Jai Shri Ram

Jai Shri Ram has become a mudradosh (a catchphrase) for us", said a voter, belonging to the Matua community, in Thakurnagar, West Bengal. "We started using it to tease the Trinamool, but now it has become as natural as saying good morning in English." When asked how Jai Durga or Jai Kali — associated more deeply with Bengal — hadn't, instead, become the rallying cry, he responded, "Ram is as familiar to us as you." As West Bengal heads to the polls, it is at the intersection of changing cultural contours, shifting political dynamics and contested identity claims. Identity is always a two-way process. A particular mode of recognition by a group requires others to endorse it. Thus, the claim that Bengal is the intellectual-heartland of India is shared by a vast section of non-Bengalis, thereby constituting the image of the state being different. Irrespective of the changing political context in the last four decades, from the Left Front to Trinamool Congress (TMC) rule, the Bhadraloks (the cultural elite) have been fierce custodians of Bengal's sense of exceptionalism and guarded it passionately. For instance, a quintessential Bhadralok would condemn and lament the rising assertive religiosity in other parts of the country while defending Durga Pujo in Bengal primarily as a social gathering. However, since 2018, political shifts and social changes, particularly among the subaltern sections in rural and mofussil Bengal, have raised questions about the Bhadralok sense of entitlement in representing and speaking for the state. What Bengal is witnessing is a new wave of subaltern assertion, using the instrument of Hindutva to push the narrative. The growing political and cultural salience of the Jai Shri Ram slogan in Bengal was reflected in three key moments — first, during the 2018 communal riot in Asansol on the occasion of Ramnavami; second, as chanted by people when chief minister Mamata Banerjee's motorcade passed through Chandrakona in West Midnapore and Bhatpara in North 24 Parganas in May 2019; and, finally, on January 23, when the slogan was raised in the presence of Prime Minister Narendra Modi and Banerjee during the celebration of Subhas Chandra Bose's birth anniversary in Kolkata. The Bhadralok response to the slogan has been one of unease. It claims that the slogan has never been a part of Bengal's religiosity and is almost alien to the land, and therefore, those invoking must be the migrants from neighbouring states. These incidents are also seen as the handiwork of the Bharatiya Janata Party (BJP). However, a closer look would reveal that this argument, defending the specificity of Bengali religiosity and shifting the blame entirely to the BJP and migrants is not only untrue, but also fails to take into account the role played by the TMC. It also ignores ground realities. After having travelled through all 294 assembly constituencies in the state, four ground realities become apparent. One, the BJP, outside Kolkata, is organisationally weak and, even after a spree of defections from the incumbent, lacks strong local leadership. Two, an overwhelming majority of Hindus are polarised against the TMC, allegedly on account of rampant corruption and systemic violence by the ruling party's rank and file in connivance with the state police. Three, it is primarily the erstwhile supporters of the Left who have been at the receiving end of the TMC's excesses, and are now clamouring for "revenge". And, finally, barring few pockets such as parts of Murshidabad, Malda and Dinajpur, both the Left and the Congress are not considered as credible alternative by pro-change voters. Thus, the BJP has become the default beneficiary of the existing resentment against the TMC. Even a cursory look at the intersection of these facts shows that the salience of the slogan has deeper roots.

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at- Mahadev Offset, H-47 Ravi Estate, Rustam Mill Compound, Dudheshwar, Ahmedbada-4. Published from 201-2, Nandan Com. Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahd-6 Edi.: Mayur Bhatt

A budget for a 'project finance economy'

This year's budget revealed the mindset of a confident and unapologetic India. In this newspaper, on January 22, I had argued for the need for developing economies such as India to view themselves as "project finance" economies and not "working capital" economies of the developed West. While a developed economy has good infrastructure, near full employment and high per capita income so that it has the revenue base to meet its expenditures, a country with low per capita income, high disguised unemployment and poor infrastructure needs to borrow to meet its required expenditures. Project finance economies need to build the infrastructure lacking in their nations so that they can increase the productivity of their economies. Sustainable growth in Gross Domestic Product (GDP) cannot be achieved without plugging the gap in hard and soft infrastructure. What is important is to ensure that the borrowing is well-directed and spent on the right things. It is in this context that I applaud this year's budget. Finance Minister (FM) Nirmala Sitharaman was not coy in signalling to the world her intent to spend to grow out of the pandemic. She was not cowed down by the constraining orthodoxy of neo-classical economic thinking that inhibited action in the past. The budget was bold and unafraid in a crisis year. It combined pragmatism in some areas, with a bold attack on the traditional holy cows of old and did not fall prey to ineffective symbolism and needless populist tinkering.

Sitharaman broke with the constraint imposed by the Fiscal Responsibility and Budget Management Act. It transparently accounted for expenditures and openly stated the true deficit this year at 9.5% and targeted a deficit of 6.8% next year. She was clear that critical spending on infrastructure, health and education could not be delayed if India was to recover its old growth path. Revenue expenditures and some subsidy allocations were reduced, but capital expenditure was sharply increased. All this was done without tinkering with direct taxes and only some minor adjustments in tariffs and indirect taxes. Policy signalled consistency and an attempt was made at reducing tax harassment by reducing the time frame within which tax cases could be taken up and tried. The outlay for hard infrastructure was increased to ?5.54 lakh crore from ?4.39 crore spent this year. The allocation was spread on roads, rail, urban infrastructure, ports, shipping, waterways, and airports. Another important area which continued to attract focus was water (?2,87,000 crore allocation over five years) — a key requirement for the population, a basic human need which brings important side benefits in respect of health and hygiene. State power distribution companies were, at the same time, asked to get ready for competition to shake up this vital sector. The pandemic had put a focus on India's crumbling health care system. The finance minister increased allocation for health care to ?22,3846 crore as against ?94,452 crore this year, a 137% increase, with ?35,000 crore of that amount earmarked for vaccines. The signal here is very important but we all recognise this to be a multi-year journey. Perhaps some more could have been done for education and skilling, but one hopes it is recognised as a critical area for coming budgets. The measures for the financial sector were long-overdue. The finance minister announced the reversal of the policy on development finance institutions by setting aside ?20,000 crore to establish one to supplement the needs of India's infrastructure.

Does the budget meet India's defence requirements?

Until 2019, defence spending made headlines around just two events in a year. The first was when the Union budget was tabled in Parliament, and the second was when the Swedish thinktank, SIPRI, released its formidable comparative military expenditure report. That scenario changed in FY 2020-21. China's incursions in Ladakh highlighted the urgent and long-term need to prioritise defence. It brought home the point that the central focus of military planning should be China, not Pakistan. This need for prioritisation came even as the pandemic caused a drop in both economic activity and government revenue. Given this backdrop, the government had a challenging task on its hands. There are four key takeaways from the Union Budget 2021-22 for defence. One, despite the China challenge, there seems to be no proportional increase in the priority accorded to defence spending. Although defence minister Rajnath Singh was quick to thank the Prime Minister and Finance Minister for increasing the defence budget to ?4.78 lakh crores, the reality is less encouraging. This number represents a mere ?7,000 crore increase over the FY 2020-21 budget number. Moreover, if we account for the revised spending estimate of FY 2020-21, defence spending is set to reduce by 1.35%. Two, the capital outlay on defence services, of which defence modernisation expenditure is a part, doesn't seem to have factored in the urgency either. While the defence minister highlighted that capital expenditure of ?1.35 lakh crore was an increase of 19% over the last budget, the situation is less reassuring when one looks at the fine print. The government ended up spending nearly ?0.21 lakh crore more on capital outlay in FY 2020-21 than it had initially planned. In FY 2021-22, it merely seeks to continue spending at the same levels. This increase would still be good news if the higher spending was on account of new schemes, but that doesn't seem to be the case. The largest component of the increase in capital expenditure (nearly 40%) is on the line item "other equipment—Air Force".

ધો.૧૦માં ગણિત એક નહીં પરંતુ બે-ત્રણ પાઠયપુસ્તક સ્વરૂપે હોવા જોઈએ તેવી ભલામણ

ગાંધીનગર,

ધો.૧૦માં ગુજરાતમાં વિદ્યાર્થીઓ ગણિત વિષયમાં સૌથી વધુ અનુત્તીર્ણ થાય છે. એનસીઈઆરટીનું ગણિતનું પુસ્તક ભારેખમ અને કંટાળાજનક હોવાથી ધો.૧૦ના વિદ્યાર્થીઓના ગણિતના પરિણામને સુધારવા માટે ધો.૧૦માં ગણિત એક નહીં પરંતુ બે-ત્રણ પાઠયપુસ્તક સ્વરૂપે હોવા જોઈએ તેવી ભલામણ સાથેની રજૂઆત ગુજરાતના મુખ્યમંત્રીને કરવામાં આવી છે. જેમાં ગત વર્ષે ધો.૧૦માં ગણિતના વિષયમાં સાડા ત્રણ લાખ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. જે ગુજરાત માટે શરમજનક હોવાનું જણાવ્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા નવી શિક્ષણ નીતિ ભારત સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવી છે. જેમાં દરેક રાજ્યોને પોતાનું ગણિતનું પાઠયપુસ્તક રચવા અને ભાર વિનાનું ભણતર બને તે માટેની હિમાયત કરવામાં આવી છે.આ સ્થિતિમાં ગુજરાતના વિદ્યાર્થીઓ માટે ગણિત વિષય સહેલો બને તે પ્રકારનું પાઠયપુસ્તક તૈયાર કરવું જરૂરી છે, પરંતુ કમનસીબે એનસીઈઆરટીનું અઘરૂ અને અષ્ટમ-પષ્ટમ ભાષાંતરવાળું ભારેખમ પુસ્તક ધો.૧૦માં અમલમાં લાવવાથી અનેક વિદ્યાર્થીઓ માટે ગણિતમાં પાસ થવું મુશ્કેલ બની રહ્યું છે. ગત વર્ષે જે સાડા ત્રણ લાખ વિદ્યાર્થીઓ ગણિતમાં નાપાસ થયા છે તેમાં સૌથી વધુ સંખ્યા દીકરીઓની છે. આ સ્થિતિમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ બે ગણિત વિષય દાખલ કરવાનો જે ઠરાવ કર્યો છે તેમજ રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘની માગણી કરવામાં આવી છે તેમજ શિક્ષણ કેડરના નિવૃત્ત ઉચ્ચ શિક્ષણ અધિકારીઓની રૂબરૂ રજૂઆતને ધ્યાને લઈને ધો.૧૦માં ગણિતના પાઠયપુસ્તકમાં ફેરફાર કરી ગણિતના બે પુસ્તકોને અભ્યાસક્રમમાં દાખલ કરવા જરૂરી છે તેવી માગ જીસીઈઆરટીના પૂર્વ નિયામક ડો.નલીન પંડિત દ્વારા કરવામાં આવી છે. તાજેતરમાં ભાવનગર ખાતે ગણિતના તજજ્ઞો સાથેની બેઠકમાં વિચાર વિમર્શ બાદ વિદ્યાર્થીઓને ગણિત વિષયનો ભાર હળવો બની રહે તે માટે સુધારા-વધારા જરૂરી હોવાની આવશ્યકતા પર ભાર મુકવામાં આવ્યો હતો.

સ્થાનિક સ્વરાજ ચૂંટણી

ભાજપ ૪ તારીખે જાહેર કરશે મનપાનાં ઉમેદવારોની યાદી

ગાંધીનગર,

મહાનગરપાલિકાની ચૂંટણીને લઈને પ્રદેશ ભાજપે તેની તૈયારીઓ લગભગ પૂર્ણ કરી દીધી છે. ૧ થી ૩ ફેબ્રુઆરી ના રોજ પ્રદેશ ભાજપની પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળવા જઇ રહી છે. જેમાં ૬ મહાનગર પાલિકાના ઉમેદવારોની યાદી પર ચર્ચા કરાશે. પહેલી ફેબ્રુઆરીથી ગાંધીનગરમાં મુખ્યમંત્રી બંગલો ખાતે મળનારી આ બેઠકમાં ૬ મનપાના ઉમેદવારોની મોકલાયેલી પેનલ પર ચર્ચા કરી આખરી યાદી તૈયાર કરાશે. પ્રદેશ ભાજપના ઉપક્રમે રાજ્યભરમાં છ મહાનગર પાલિકાના વિસ્તાર તેમજ પંચાયત અને નગરપાલિકાના વિસ્તારમાં ત્રણ ત્રણ નિરીક્ષકોની ટીમ મોકલવામાં આવી હતી. કાર્યકર્તાઓ પાસેથી નિરીક્ષકોએ સેન્સ લીધા બાદ પ્રત્યેક વોર્ડ દીઠ ૧૬ નામોની યાદી તૈયાર કરી છે. પ્રત્યેક વોર્ડ દીઠ પેનલ બનાવવામાં આવી છે, જેની યાદી સુપરત કરી દેવામાં આવી છે. આ યાદીની ચર્ચા માટે જે તે શહેર, પંચાયત, નગરપાલિકા વિસ્તારના સાંસદ,ધારાસભ્ય, પ્રમુખ અને મહામંત્રી સહિતનાને હાઈકમાન્ડે તેડું મોકલ્યું છે. તમામ સાથે ચર્ચા વિચારણાના અંતે ૧૬ નામોની યાદી તૈયાર કરી મોકલી આપવામાં આવી છે, જેના પર પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં ચર્ચા કર્યા બાદ ચોથી ફેબ્રુઆરીએ ફાઇનલ ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે. દરરોજ બે મહાનગરપાલિકાને બોર્ડ સાંભળશે અને ચોથી ફેબ્રુઆરીએ ભાજપના મહાનગરપાલિકાના ઉમેદવારોની યાદી જાહેર કરાશે.

કોરોના ઈફેક્ટ:

અમદાવાદ એરપોર્ટ પર મુસાફરોની અવરજવરમાં ઘટાડો

અમદાવાદ, સમગ્ર દેશમાં કોરોનાના કેસો ઘટી રહ્યા છે. કોરોનાનું સંક્રમણ કાબૂમાં આવી રહ્યું છે, ત્યારે ફ્લાઈટોમાં મુસાફરી કરનારા લોકોની સંખ્યા હજુ પણ વધી નથી. અમદાવાદના એરપોર્ટ પર ગત ડિસેમ્બર દરમિયાન ૪.૫૩ લાખ ડોમેસ્ટિક મુસાફરોની અવરજવર નોંધાઈ હતી, જેમાં ૨૦૧૯ના ડિસેમ્બર કરતાં ૪૬.૩૦નો ઘટાડો નોંધાયો છે. બીજી તરફ, છેલ્લા ત્રણ મહિનામાં વિદેશથી આવતા-જતા ૫૮ હજાર કરતાં વધુ મુસાફરોની અમદાવાદ એરપોર્ટ પર અવરજવર નોંધાઈ છે. અમદાવાદ એરપોર્ટમાં ડિસેમ્બર-૨૦૧૯માં ૮ લાખ ૪૪ હજાર ૩૧૪ મુસાફરો, જ્યારે ૬ હજાર ૪૮૭ ફ્લાઈટની અવરજવર નોંધાઈ હતી. ગત વર્ષે પ્રત્યેક ફ્લાઈટમાં સરેરાશ ૧૩૦ મુસાફરોનું આવાગમન હતું, જેની સરખામણીએ ડિસેમ્બર ૨૦૨૦માં ૪૯૪૫ ફ્લાઈટની અને ૪ લાખ ૫૩ હજાર ૭૬૨ ફ્લાઈટની અવરજવર થઈ હતી. ગત મહિને પ્રત્યેક ફ્લાઈટમાં સરેરાશ ૯૨ મુસાફરો હતા. કોરોનાને પગલે માર્ચ-૨૦૨૦ના ત્રીજા સપ્તાહથી નિયમિત આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ બંધ છે. જાણકારોના મતે, કોરોનાના કેસમાં ઘટાડો થતાં હવે સ્થિતિ પૂર્વવત્ થઈ રહી છે. જાન્યુઆરી માસથી એરટ્રાફિકમાં પણ વધારો થઇ રહ્યો છે, જેને પગલે કેટલીક એરલાઈન્સ દ્વારા આવતા મહિને અમદાવાદથી નવી ફ્લાઈટ પણ શરૂ કરવામાં આવશે, જેમાં શિરડી-ઔરંગાબાદ-નાગપુર-ભોપાલ જેવા રૂટનો સમાવેશ થાય છે.

બનાસ નદી કિનારે સુજલામ સુફલામ નાળું પાકું કરવા માંગ

થરા, કાંકરેજ તાલુકાની જીવાદોરી સમાન બનાસ નદી વર્ષો પહેલાં વહેતી રહેતા આ વિસ્તારમાં ભૂગર્ભ જળ ખુબ જ ઉપર હતા. પરંતુ દાંતીવાડાનો ડેમ બનતા નદીમાં પાણી બંધ કરાતા પાણીના તળ ઊંડે જતા ખેડૂતોને ખુબ જ મુશ્કેલી પડી રહી છે. આ મુશ્કેલી નિવારવા સરકારે સુજલામ સુફલામ કેનાલ બનાવી જેના પરિણામે નર્મદાનું પાણી આ નહેરમા નાખતાં પુનઃ ભૂગર્ભ જળ ઊંચા આવે પરંતુ છેલ્લા બે વર્ષથી ૨૦૧૭ના વર્ષમાં આવેલ ભારે પૂરના કારણે ઉમરી અને બુકોલી વચ્ચે બનાસનદીમાં નર્મદાનું પાણી જ્યાંથી નાખવામાં આવતું હતું તે તૂટી જતા સુજલામ સુફલામમાં નર્મદાનું પાણી છોડવામાં મુશ્કેલી પડી રહી છે. આ સમસ્યા હલ કરવા તાલુકાના ખેડૂતોએ આવેદનપત્રો થકી લેખિત મૌખિક રજૂઆતો પણ કરેલ છતાં કોઈ પરિણામ મળેલ નથી પરિણામે ખેડૂતોમાં રોષની લાગણી ફેલાઈ છે. આ અંગે ખેડૂત અગ્રણી અને જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ભૂપતજી મકવાણાએ જણાવ્યું હતું કે ૨૦૧૭ ના પુરમાં નુકશાન પામેલ બનાસ નદીને અડીને આવેલ સુજલામ સુફલામનું નાળું નવું બનાવી બનાસ નદીમાં નર્મદાનું પાણી છોડવામાં આવે તો ખેડૂતોને મોટી રાહત થાય તેમ છે.

ભોરડુ ગામે જ્વેલર્સની દુકાનની દીવાલ તોડી ચોરીનો પ્રયાસ

થરાદ, થરાદ તાલુકાના ભોરડુ ગામમાં રાત્રિના સુમારે અજાણ્યા તસ્કરો દ્વારા બે જગ્યાએ તાળું તોડી ચોરીનો પ્રયાસ કરવામાં આવતા ખળભળાટ પ્રસરી જવા પામ્યો હતો. આ બનાવ અંગે થરાદ પોલીસને લેખિતમાં જાણ પણ કરવામાં આવી હતી. થરાદ પંથકમાં ફરી એક વખત ચોરીના મોટા ગુનાને અંજામ આપવાનો પ્રયાસ થરાદ તાલુકાના ભોરડુ ગામમાં થવા પામ્યો હતો. ઘટનાની પ્રાપ્ય વિગતો મુજબ મંગળવારની રાત્રીના સમયે ગામમાં શ્રી શેણલ માતાના મંદિર અને ગામના અગજીભાઇ સેધાભાઈ પટેલની જ્વેલર્સની દુકાનમાં હાથમાં કોષ જેવા હથિયારો લઈને બે શખસો ચોરીના ઈરાદે આવ્યા હતા. તેમણે જ્વેલર્સની દુકાનની દિવાલ તોડીને ચોરીનો પ્રયાસ પણ કર્યો હતો.

વસ્ત્રાલમાં જન્મદિવસની ઉજવણીમાં રાત્રિ કર્ફ્યૂનો ભંગ: યુવક સહિત પાંચની ધરપકડ

અમદાવાદ,

અમદાવાદ શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં યુવક તલવાર વડે કેક કાપતો હોવાનો વીડિયો વાઇરલ થયો હોવાનો અહેવાલ પ્રસારિત થયો હતો, જેને પગલે રામોલ પોલીસ દોડતી થઈ હતી. પહેલા તો રામોલ પોલીસે સમગ્ર ઘટનાને દબાવવા માટે હદનો વિવાદ લાવવાનો પ્રયત્ન કર્યો હતો. છેવટે રાતે પોલીસે નાછૂટકે વિશાલ ઉર્ફે મોન્ટુ પંડ્યા સહિત પાંચ આરોપી સામે પોલીસ કમિશનરના જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધ્યો હતો. પોલીસે વિશાલ, વિપુલ, આશિષ, બ્રિજેશ અને રાજનની ધરપકડ કરી તલવાર કબજે કરી હતી. આરોપી વિશાલ સાથે રામોલ પોલીસ સ્ટેશનના કર્મીઓએ સાથે ફોટો પડાવ્યો હતો છતાં રામોલે ઘટનાને દબાવવાનો પ્રયાસ કર્યો હતો.

સોશિયલ મીડિયામાં વસ્ત્રાલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં યુવકે તલવાર વડે કેક કાપતો હોવાનો વીડિયો વાઇરલ થતાં રામોલ પોલીસ સ્ટેશનના પીઆઈ કે. એસ. દવેએ જણાવ્યું કે ઓઢવ પોલીસ સ્ટેશનની હદ લાગે છે, જેથી ઓઢવ પોલીસ આ મામલે ગુનો નોંધશે. જ્યારે ઓઢવ પોલીસ સ્ટેશન પીઆઈ આર. જી. જાડેજાએ કહ્યું હતું કે આ મામલે તપાસ કરી રહ્યા છીએ. વીડિયોમાં વિશાલ પંડ્યા નામનો શખસ હોવાનું જાણવા મળ્યું છે. રામોલ પોલીસની હદમાં બનાવ બન્યો છે, જેથી રામોલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાશે. આ સમગ્ર બાબતમાં રામોલ પોલીસ સ્ટેશનના બે પોલીસકર્મી પણ વિશાલના બર્થડેમાં ગયા હતા તો શું તેમને હદ ખ્યાલ ન હતો..? પરંતુ છેવટે રામોલ પીઆઈએ વિશાલ સામે ગુનો દાખલ કર્યો હતો. વિશાલે તેના નારાયણ બંગલોઝના કોમન પ્લોટમાં રાતે સ્ટેજ બનાવી એના પર કેક મૂકી તલવારથી કાપી હતી.

આ સમગ્ર ઉજવણીમાં ૧૦ કે તેથી વધુ જેટલા લોકો ત્યાં હાજર હતા, જેમાં તેઓ માસ્ક વગર જ ત્યાં હાજર હતા. કોઈએ માસ્ક પહેર્યું ન હતું. સમગ્ર બાબત સામે આવી હતી. વિશાલ ઉર્ફે મોન્ટુ મુકેશભાઈ પંડ્યા (રહે.નારાયણ બંગલોઝ માધવ ફાર્મ પાછળ વસ્ત્રાલ), બ્રિજેશકુમાર યજ્ઞેશકુમાર મહેતા (રહે:ઈ/૩૦૪, વૃંદાવનવિહાર ફ્લેટ આર.એફ. કેમ્પની સામે વસ્ત્રાલ), આશિષકુમાર બળદેવભાઈ દેસાઈ (રહે: ૧૩૫, કેવડાવાળી સોસાયટી સુરેલિયા રોડ રામોલ), વિપુલભાઈ કાનજીભાઈ દેસાઈ (રહે.૭/ ૨૧૬,સત્યમનગર અમરાઇવાડી) અને રાજન કાળુભાઈ રબારી (રહે. ૨૮,જૂની રબારી વસાહત જશોદાનગર)ની ધરપકડ કરી રાતોરાત જામીન આપી દીધા હતા.

વિદ્યાર્થીઓ હવે હવાઈદળના પાઈલટ બનવાની ટ્રેનિંગ મેળવી શકશે

અમદાવાદ, ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલા આઇડીએસઆર (ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિફેન્સ સ્ટડી એન્ડ રિસર્ચ) અને એરફોર્સ વચ્ચે એમઓયુ થયા છે. જે અંતર્ગત ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ વિવિધ કોર્સ દ્વારા પાઇલોટની ટ્રેનિંગ લઇ શકશે. સાથે જ એરફોર્સના અધિકારીઓ યુનિવર્સિટીમાં આવીને અભ્યાસ કરાવશે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સૈન્ય સાથે હવે એરફોર્સમાં જોડાવવાની પણ તક મળશે. એરફોર્સમાં પાયલોટ બનવાની ટ્રેનિંગ પણ યુનિવર્સિટીમાં અભ્યાસ દરમિયાન અપાશે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા ડિફેન્સ માટેના વિવિધ શૈક્ષણિક કોર્સ શરૂ કરાયા છે. જેનો ફાયદો યુવા વિદ્યાર્થીઓ લઇ રહ્યાં છે. આવનારા સમયમાં ડિફેન્સની સાથે એરફોર્સમાં પણ ગુજરાતના યુવાનોને તક અને પ્રતિનિધિત્વમાં વધારો થશે. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, ગુજરાત સરકાર, ડીઆરડીઓ અને એર ફોર્સ વચ્ચે એમઓયુ થયા છે. એરફોર્સના અધિકારીઓ ડ્યૂટી લીવ સાથે યુનિ.માં અભ્યાસ માટે આવશે. આ માટે દરેક કોર્સમાં સીટો અનામત રખાશે. ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ઓછી ફીમાં એરફોર્સ અને ડિફેન્સમાં કરિયર બનાવવાની તક મળશે. એરફોર્સ એવિએશન સાયન્સના વિવિધ કોર્સની ફી ૨૦ હજાર રહેવાનો અંદાજ છે. આ ઉપરાંત યુનિવર્સિટી વિવિધ કોર્સમાં સીટોની મર્યાદા રાખશે નહીં. એટલે કે વધુ વિદ્યાર્થીને લાભ થાય તે પ્રકારે સીટોની સંખ્યાને મંજૂરી અપાશે. દરેક કોર્સમાં એરફોર્સના અધિકારી માટે અનામત સીટો રખાશે. એમઓયુ પ્રમાણે યુનિવર્સિટીમાં એરફોર્સ એન્ડ એવિએશન સાયન્સ ઉપરાંત ચાર પ્રકારના કોર્સ શરૂ કરાશે. જેમાં પીએચ ડી, એમબીએ, માસ્ટર ડિગ્રી, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાનો સમાવેશ થાય છે. એમબીએમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ નેશનલ સિક્યુરીટી, ડિફેન્સ મેનેજમેન્ટ. એમએસસી ઇન નેશનલ સિક્યુરિટી એન્ડ ડિફેન્સ સ્ટડી અને પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાના ચાર કોર્સ શરૂ થશે. જેમાં કાઉન્ટર - ટેરરિઝમ સ્ટડી, સાયબર સિક્યોરિટી, જીયોપોલીટીક્સ એન્ડ મિલિટરી જીયોગ્રાફી, ડિફેન્સ એનાલિસિસ કોર્સ શરૂ થશે.

કીમ અકસ્માત: બાળકો માટે ૧૨૦૦ પોલીસ જવાનો ૧ દિવસનો પગાર આપશે

ઓલપાડ, કીમ ચાર રસ્તા સ્ટેટ હાઇવેને અડીને આવેલા ફૂટપાથ પર રાત્રીના સુતેલા શ્રમજીવી પરિવારના સભ્યો પર ટ્રક ફરી વળતા ૧૪ લોકોનો ભોગ બન્યા હતા. આ ચોકાવનારી ઘટનામાં ગરીબ શ્રમિકોના પરિવારના માસુમ બાળકોની મદદ માટે સુરત ગ્રામ્ય પોલીસે પહેલ કરી છે. અકસ્માતમાં મોતને ભેટેલા શ્રમિકોને સરકાર તરફથી રોકડ રકમની સહાય કરવાની જાહેર કરાઇ હતી. પણ સ્થાનિક રાજકારણીઓએ કોઈપણ પ્રકારે સહાયરૂપ થવાની પહેલ કરી નથી, ત્યાં સુરત ગ્રામ્ય પોલીસ અકસ્માતનો ભોગ બનેલા ગરીબ શ્રમિકોના માસુમ બાળકોને વ્હારે આવી છે. સુરત રેંજ આઈ.જી રાજકુમાર પાંડિયનના માર્ગ દર્શન હેઠળ સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષક ઉષા રાડના પ્રયત્નો થકી રાજસ્થાનના શ્રમિક પરિવારના બાળકોને આર્થિક સહાય કરવાના ભાગરૂપે સુરત ગ્રામ્યના ૧૨૦૦ પોલીસ જવાન પોતાનો એક દિવસનો પગાર સહાય માટે જમા કરાવશે. તમામ પોલીસ સ્ટેશન સહિત અન્ય પોલીસ વિભાગની અન્ય એજન્સીઓમાં ફરજ બજાવતા અધિકારીઓ એક દિવસના પગાર સાથે બીજી અંગત મોટી રકમ સહાયમાં આપી મોટું ભંડોળ એકત્ર કરવાની કામગીરી ચાલી રહી છે. જે અન્ય લોકોને પણ મદદ માટે આગળ આવવા પ્રેરણા આપી રહી છે. પોલીસ જવાનનો એક દિવસના પગાર લેખે અંદાજીત ૧૦ લાખ જેટલી માતબર રકમ ભેગી થશે. જે સુરત ગ્રામ્ય પોલીસના ૧ ડી.વાય.એસ.પી અને ૧ મહિલા પોલીસ રાજસ્થાનના કુશલગઢ ખાતે ભોગ બનનારા શ્રમિકોના ઘરે જઈને તેમના પરિવારજનોને મળી ભોગ બનેલા મજુરોના નિરાધાર થયેલા માસુમ બાળકોના બેંક ખાતામાં એફ.ડી કરી રોકડ રકમ જમા કરાવી આવશે.

બૂલેટ સ્પીડમાં ચલાવી અવાજ કરતા લોકોની સામે કેસ કરો

બૂલેટના સાયલેન્સરનો અવાજ એટલો હોય છે કે, નાના બાળકોના કાનમાં હંમેશા માટે બહેરાશ આવી શકે છે

ગાંધીનગર,

શહેરોમાં મોટો અવાજ કરતા બુલેટ બાઈક ફૂલ સ્પીડમાં ચલાવીને જાતજાતના અવાજ કરવાની કેટલાક યુવાનો દ્વારા થતી પ્રવૃત્તિ અટકાવવા અને કાર્યવાહી કરવા વાહન વ્યવહાર મંત્રી આર.સી.ફળદુએ ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાને પત્ર લખ્યો છે. ગાંધીનગરના જાગૃત નાગરિકો તરફથી મળેલી રજૂઆતોના પગલે ફળદુએ કાર્યવાહી માટે માગ કરી છે. ફળદુએ પત્રમાં જણાવ્યું કે, બુલેટના સાયલન્સરનો અવાજ એટલો ભયંકર હોય છે કે, નાના બાળકોના કાનમાં હંમેશા માટે બહેરાશ આવી શકે છે.વાહન વ્યવહાર મંત્રી ફળદુએ ગૃહ રાજ્યમંત્રીને લખેલા પત્રમાં જણાવ્યું કે, ગાંધીનગર અને રાજ્યના અન્ય શહેર-જિલ્લાઓમાં આજકાલ બુલેટ લઈને નીકળતા લોકો પોતાની જાતિગત ઈમેજ ઉભી કરવા અને રાહદારીઓનું ધ્યાન પોતાના તરફ આકર્ષવા માટે પૂરપાટ ઝડપે નીકળે છે. તેમના બુલેટના અવાજ એટલો ભયાનક હોય છે, કેટલાય કિસ્સામાં વૃદ્ધો પણ આ અવાજથી ગભરાઈ જાય છે. તેમને વધુમાં જણાવ્યું કે, બુલેટના સાયલેન્સરના વિસ્ફોટક અવાજથી રોડ પર વાહન ચલાવતા વ્યક્તિનું ધ્યાન પણ વિચલિત થાય છે, જેના કારણે અકસ્માત થવાની શક્યતા છે. આવા અવાજને બંધ કરાવવા અને બુલેટ લઈને બેફામ રીતે નીકળતા વ્યક્તિઓ સામે ફોજદારી અને દંડનીય કાર્યવવાહી કરવા બાબતે ગાંધીનગરના જાગૃત નાગરિકો દ્વારા પણ રજૂઆત કરવામાં આવી છે. મંત્રી ફળદુએ વાહન વ્યવહાર વિભાગના અધિક મુખ્ય સચિવ અને ગુજરાત રોડ સેફટી ઓથોરિટીના કમિશનરને પણ આ બાબતે પગલા લેવા લેખિત જાણ કરી છે. જણાવી દઈએ કે, છેલ્લા કેટલા સમયથી બુલેટ સહિતના મોંઘા બાઈક બેફામ અને વિચિત્ર અવાજ સાથે ડ્રાઈવિંગ કરવાની ફરિયાદો સામે આવી છે.

સુરેન્દ્રનગરના એઆરટીઓએ ૬૦૦ કિમીની સાઈકલયાત્રા ૩૭ કલાકમાં પૂર્ણ કરી

સુરેન્દ્રનગર,

સુરેન્દ્રનગર આરટીઓ કચેરીમાં ફરજ બજાવતા ૫૮ વર્ષીય એઆરટીઓએ હિંમતનગરથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધીની ૬૦૦ કિમીની સાયકલ યાત્રામાં ભાગ લીધો હતો. આ યાત્રા પુરી કરવાની સમયમર્યાદા ૪૦ કલાકની હતી તેના બદલે ૩૭ કલાકમાં જ પુરી કરી હતી. આજે દર ૪ વર્ષે યોજાતી પેરિસની સાયકલયાત્રા માટે ક્વોલીફાય કરતાં ૨૦૨૨માં ભાગ લેશે. સુરેન્દ્રનગર આરટીઓ કચેરીમાં એઆરટીઓ તરીકે ફરજ બજાવતા ૫૮ વર્ષીય ટી.વી.દાંગોલીયા ૨૩ જાન્યુઆરીએ રમતગમતને પ્રોત્સાહન આપવા માટે હિંમતનગરથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધીની ૬૦૦ કિમીની સાયકલ યાત્રા યોજાઇ હતી. જે ૪૦ કલાકમાં પૂર્ણ કરવાની હતી. જે પૂર્ણ કરનારા સ્પર્ધક પેરિસમાં દર ૪ વર્ષે યોજાતી બ્રેસ્ટ પેરિસ સાયકલ યાત્રા માટે ક્વોલીફાય કરી શકતા હતા.

ત્યારે ટી.વી.દાંગોલીયાએ ૩૭ કલાકમાં જ પુરી કરી ૨૦૨૨માં યોજાનાર પેરીસની સાયકલ યાત્રા માટે ક્વોલીફાય કર્યું હતું. એઆરટીઓ ટી.વી.દાંગોલીયા માત્ર સાયકલીંગ જ નહી તે સિવાય એડવેન્ચર સ્પોર્ટસમાં રૂચી ધરાવે છે. જેમાં તેમણે એવરેસ્ટ બીસીનું ૫૪૦૦ મીટરનું ટ્રેકીંગ, ૨૦ કિમી હોર્સ રાઈડીંગ સ્પર્ધામાં ગુજરાતમાં બીજો નંબર મેળવ્યો હતો. આજના ફાસ્ટ યુગમાં નોકરી અને ધંધાના કારણે લોકો શારીરીક તંદુરસ્તી અને રમતગમતથી અળગા થઇ રહ્યાં છે. જેના કારણે નાની ઉંમરમાં અનેક રોગના શિકાર બને છે તેમજ સમય ન હોવાના પણ બહાના કાઢતા હોય છે ત્યારે હું મારી ફરજ નિયમિત બજાવવા ઉપરાંત આવી રમતોમાં તો ભાગ લઉં જ છું સાથે સાથે રોજ ૫૦ કિમીની સાયકલ યાત્રા અને ૧૦ કિમીનું ફાસ્ટ વોકીંગ પણ કરૂ છું થોડા સમય પહેલા દાહોદથી સુરેન્દ્રનગર બદલી થતાં ૩૫૦ કિમીનું અંતર પણ સાયકલ પર પૂર્ણ કર્યું હતું. આ યાત્રા પુરી કરવાની સમયમર્યાદા ૪૦ કલાકની હતી તેના બદલે ૩૭ કલાકમાં જ પુરી કરી હતી. આજે દર ૪ વર્ષે યોજાતી પેરિસની સાયકલયાત્રા માટે ક્વોલીફાય કરતાં ૨૦૨૨માં ભાગ લેશે.

મંડાલીની રાજ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝમાં ત્રણ શ્રમિકોનાં મોત મામલે માલિકની ધરપકડ

મહેસાણા, મહેસાણાના મંડાલી નજીક કેમિકલ ઈન્ડસ્ટ્રીઝમાં સોમવારે રાત્રે ટેક્રરમાંથી સોડિયમ બ્રોમાઈડ કેમિકલ સ્ટોરેજ ટાંકીમાં ખાલી કરતી વખતે ઉત્પન્ન થયેલા ઝેરી ધુમાડાથી ત્રણ શ્રમિકોનું મોત થવાની ઘટનામાં લાંઘણજ પોલીસે કંપનીના માલિક મિતુલ મિસ્ત્રીની ધરપકડ કરી વધુ તપાસ આદરી છે. ઉલ્લેખનિય છે કે, ચાર વિભાગોની ટીમે સાથે મળીને કરેલી તપાસમાં કંપની પાસે કેમિકલ પ્રોસેસિંગ યુનિટ માટે જરૂરી લાયસન્સ પણ ન હોવાનું ખુલ્યું છે. મહેસાણા અમદાવાદ હાઈવે પર મંડાલી નજીક સોમેશ્વર ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં આવેલી રાજ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝમાં સોમવારે રાત્રે નવેક વાગ્યે ટેક્રરમાંથી સોડિયમ બ્રોમાઈડ નામનું કેમિકલ કંપનીની સ્ટોરેજ ટાંકીમાં ખાલી કરવાની કામગીરી થઈ રહી હતી. જેમાં સ્ટોરેજ ટાંકીમાં અગાથી જ અન્ય કોઈ કેમિકલ હોઈ કેમિકલ રિએક્શન થતાં ઉત્પન્ન થયેલા ઝેરી ધુમાડાથી આ કામ કરી રહેલા શ્રમિકો રામસીંગ વેનારામ રાવણા (રાજપૂત), ઉત્તમકુમાર મિશ્રારામ ગવારિયા, પુખરાજ સંપાજી ટાંક તેમજ કંપનીના રવિભાઈ પટેલ બેભાન થઈ ગયા હતા. જેમાં ત્રણેય શ્રમિકોનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું જ્યારે રવિભાઈને સારવાર માટે ખસેડાયા હતા. રામસીગના ભાઈ દિનેશકુમારે લાંઘણજ પોલીસ મથકે કંપનીના માલિક મિતુલ મિસ્ત્રી (મંડલી) અને રવિવભાઈ પટેલ (મંડાલી) વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગંભીર પ્રકારની બેદરકારી દાખવવા સહિતનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ એસ.ડી.રાતડાએ હાથ ધરી હતી. પોલીસે કંપનીના માલિક મિતુલ કનૈયાલાલ મિસ્ત્રીને હસ્તગત કરી કોરોના ટેસ્ટ કરાવ્યો હતો. જેનો રિપોર્ટ નેગેટિવ આવતા તેની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસની સાથે હ્રજી઼ન, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય કચેરી, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ પણ તપાસમાં જોડાયા છે. સલામતીનાં સાધનો કે વ્યવસ્થા ન હોવાથી કંપનીને ક્લોઝર નોટિસ અપાઈ છે ત્યારે કેમિકલ પ્રોસેસિંગ યુનિટ માટે જરૂરી લાયસન્સ પણ કંપની પાસે ન હોવાનું ખૂલ્યું છે.

પાટણના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા

પાટણ, પાટણ શહેરના પ્રગતિ મેદાનની બાજુમાં આવેલા કલાદર્શન ફ્લેટના બંધ મકાનમાંથી સોનાની ચેન, બુટ્ટી તેમજ રૂ. ૧૫૦૦૦ની રોકડ રકમ ચોરી થયાની ફરિયાદ નોંધાઈ હતી. લલીતકુમાર રંગજીભાઈ શાહ જેઓ તેમની પત્ની સાથે કલાદર્શન ફ્લેટમાં રહે છે. અને તેમનાં સંતાનો મુંબઈ અને અમદાવાદ રહે છે. ૧૩મી જાન્યુઆરીએ લલીતભાઈની પત્નિ સુરત ગયેલ હોવાથી ઘર બંધ કરીને ચાવી સાથે લઈને તેમને દુકાને ગયા હતા.ત્યારે સાંજે પાંચ વાગે ઘરે આવતાં તેમનાં ઘરનો દરવાજો તુટેલો જણાયો હતો. ઘરમાં તેમણે જોતાં તિજોરીની ચાવી પડેલી હોવાથી તેનાથી તિજોરી ખોલી કોઇ તસ્કરોએ ઘરનો સામાન અસ્તવ્યસ્ત કર્યો હતો.આ ફ્લેટનાં અન્ય તાળા પણ તસ્કરો દ્વારા તોડવામાં આવ્યા હોવાનું રહીશોએ જણાવ્યું હતું. તસ્કરોએ લલિતભાઈ શાહનો ઘરમાં રહેલી તિજોરીમાંથી સોનાની ચેન,બુટ્ટી તેમજ રૂ. ૧૫૦૦૦ની રોકડ તસ્કરી કરી ગયા હોવાનુ લલિતભાઈ શાહની પત્નિ સુરતથી આવતાં તેમણે જણાવ્યું હતું.

ખેરોજ અને દાણમહુડી વિસ્તારમાં ખનિજ ચોરી કરતાં ૩ ટ્રેકટર ઝડપાયાં

હિંમતનગર, સાબરકાંઠા જિલ્લાના ખેરોજ તેમજ દાણમહુડી વિસ્તારમાં બિનઅધિકૃત રીતે કેટલાક વાહન ચાલકો રેતી ખનિજની ચોરી કરતા હોવાની ફરિયાદ આધારે બુધવારે જિલ્લાના ખાણ ખનિજ વિભાગ તંત્ર દ્વારા ડ્રોન કેમેરાનો ઉપયોગ કરી રેતી ખનિજ ચોરી કરતા ત્રણ ટ્રેકટરોને ઝડપી લઈ અંદાજે રૂ.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો, સાથે સાથે તંત્ર દ્વારા ઝડપાયેલા ખનિજ માફીયાઓ વિરૂધ્ધ દંડનીય કાર્યવાહી હાથ ધરાઈ છે.

બુધવારે અંતરીયાળ વિસ્તારોમાં ખનિજ ચોરીને પકડવા માટે તંત્ર દ્વારા ડ્રોન કેમેરાનો ઉપયોગ કરાયો હતો. જેમાં સાબરકાંઠાના ખેરોજ તેમજ દાણમહુડી વિસ્તારમાં બિનઅધિકૃત રીતે રેતી ખનિજ વહન કરતા ત્રણ ટ્રેકટરોને ઝડપી લઈ અંદાજે રૂ.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. ઉપરાંત ઝડપાયેલા વાહન માલિકો વિરૂધ્ધ અંદાજે રૂ.૧.૩૫ લાખનો દંડ વસૂલવાની કાર્યવાહી પણ શરૂ કરાયાનું સૂત્રોએ જણાવ્યુ હતું.

સાબરકાંઠાના ભુસ્તરશાસ્ત્રી સુભાષ જોષીના જણાવ્યા મુજબ મંગળવારે ઇડર તાલુકાના કપોડા ખાતેથી પણ બિનઅધિકૃત રીતે સાદી માટી ખનિજનું ખનન વહન કરતા બે જેસીબી મશીન તથા ત્રણ ટ્રેકટરો જપ્ત કરીને અંદાજે રૂ.૪.૮૫ લાખની દંડકીય રકમ વસૂલાત કરવા કાર્યવાહી હાથ ધરી છે. છેલ્લા સાત માસ દરમિયાન તંત્ર દ્વારા ૨૦૯ કેસો પકડીને રૂ.૨૫૮.૧૯ લાખની

દંડનીય રકમની વસૂલાત કરાતા ખનિજ માફીયાઓમાં ફફડાટ વ્યાપ્યો છે. તંત્ર સાબરમતી નદીપટના વાઘપુર, સીતવાડા, સાંપડ, જોરાપુરા, સરોલી, દેરોલ તેમજ દેધરોટા વિસ્તારમાં પણ ડ્રોન કેમેરાનો ઉપયોગ કરી ગેરકાયદેસર રીતે ચાલતી ખનિજ ચોરીની પ્રવૃત્તિને રોકવા કડક કાર્યવાહી કરશે તેમ પણ સૂત્રોએ જણાવ્યુ હતું.